સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો
જાહેર સાહસો, બોર્ડ, નિગમો વિગેરે
ની નોકરીઓમાં સીધી ભરતીમાં ૨૭%
અનામતની જોગવાઈ લાગુ કરવા બાબત.
...

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક : સશપ / ૪૩૯૪ / ૧૯૧ / અ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૨-૭-'૯૪.

વંચાણે લીધા :-

૧. સમાજ કલ્યાણ વિભાગના તા.૨૩-૨-'૯૪ નો ઠરાવ ક્ર : સશપ/ ૪૩૯૪ / ૧૯૧ / અ

૨. સમાજ કલ્યાણ વિભાગના તા.૪-૫-૯૪ નો ઠરાવ ક્રમાંક :સશપ/ ૪૩૯૪ / ૧૯૧ / અ.

૩. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯-૫-'૭૮ ના ઠરાવ ક્રમાંક : એસઈબી / ૧૦૭૮ / ૩૧૮૩ (ક)

ઠરાવ:-

રાજ્ય સરકારે નોકરીઓમાં સીધી ભરતીની નિમણૂંક માટે તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટેની પ્રવર્તમાન ટકાવારીમાં વધારો કરવાના હુકમો ઉપર સંદર્ભ માં જણાવેલા આ વિભાગના તા.૨૩-૨-૯૪ ના ઠરાવ હેઠળ કર્યા છે. વંચાણેમાં લીધેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯-૫-૭૮ ના ઠરાવથી નકકી થયા મુજબ સરકારી નોકરીઓ ઉપરાંત નીચે જણાવેલા સંવર્ગો અને સંસ્થાઓ માં પણ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે ભરતીમાં અનામતનું ધોરણ હાલ અમલમાં છે.

..૨..

(૧) રાજ્ય સરકારના વૈધાનિક મંડળો જાહેર ઉપક્રમો જાહેર સાહસો જેવા કે બોર્ડ કોર્પોરેશનો, તથા સરકાર તરફથી અનુદાન મેળવતી શાળા, મહાશાળા કોલેજ, વિશ્વ વિદ્યાલયો, નગરપાલિકાઓ, પંચાયત સેવાઓ વગેરેમાં ભરતીમાં અનામતનું હાલનું ધોરણ વર્ગ-૧ અને વર્ગ-૨ સમકક્ષ જગ્યાઓ માટે સીધી ભરતીમાં ૫% અને વર્ગ-૩ અને વર્ગ-૪ સમકક્ષ જગ્યાઓ માટે ૧૦ ટકા.

(૨) જિલ્લા શિક્ષણ સમિતિ તથા નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ભરતીમાં ૧૦%

ઉપરની તમામ સંસ્થાઓમાં સીધી ભરતીમાં હાલનું ધોરણ સુધારીને હવે જે રીતે સરકારી નોકરીઓમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે સીધી ભરતીમાં ૨૭ % અનામતનું ધોરણ ઠરાવેલ છે તે જ પ્રમાણે સીધી ભરતીમાં ૨૭% અનામતનું ધોરણ લાગુ પાડવાનું ઠરાવવામાં આવે છે.

૨/ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોને /જાતિઓને ઉપર મુજબના અનામતના લાભો આપવા માટેનાં આ નીતિ વિષયક નિર્ણયોને અમલમાં મુકવા વિગતવાર જરુરી આનુષાંગિક હુકમો સરકારના સંબંધિત વિભાગોએ સત્વરે બહાર પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

ટી.સી.એ. રંગદુરાઈ

( ટી.સી.એ. રંગદુરાઈ)
અધિક મુખ્ય સચિવ
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

* રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર
* મુખ્ય મંત્રીશ્રી / નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
* સર્વે મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના સચિવશ્રીઓ, ગાંધીનગર.
* સર્વે સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી

(ગ-૪)

સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય ગાંધીનગર

નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર

શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

સચિવાલયના અન્ય વિભાગો

એકાઉન્ટન્ટ જનરલ,ગુજરાત રાજય અમદાવાદ/રાજકોટ

પગાર અને હિસાબી અધિકારીશ્રી ,અમદાવાદ/ગાંધીનગર.

નિવાસી ઓડીટ અધિકારીશ્રી ,ગાંધીનગર.

X અન્ય પછાતવર્ગો માટેનું પંચ,ગાંધીનગર.

X સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ.

X રજીસ્ટ્રારશ્રી ,ગુજરાત હાઇકોર્ટ,અમદાવાદ

X સચિવશ્રી ,તકેદારી આયોગ,ગાંધીનગર

X સચિવશ્રી ,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ અમદાવાદ

X સચિવશ્રી ,ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

X સચિવશ્રી ,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર

સમાજ કલ્યાણ હસ્તકના તમામ ખાતાના વડાઓ બોર્ડ/કોર્પોરેશનો.

સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ

સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

સર્વે ખાતાના વડાઓ

વિભાગની તમામ શાખાઓ

સિલેકટ ફાઇલ.

X પત્ર દવારા

ચૌહાણ:૧૨૭૯૪